» છેલ્લા પાનાનું શેષ

રાજ્યની દ્દ્દ નગર...

અને તળાજા નગરપાલિકા સહિત તાલુકા પંચાયતની ખાલી પડેલી બેઠકોની પેટાચૂંટણીના ઉમેદવારોના નામ પણ જાહેર કરાયા છે. સુરત મનપા, સુરત, ભરૂચ, નર્મદા, અરવલ્લી અને ડાંગ જિલ્લામાં ખાલી પડેલી બેઠકો માટે પણ ઉમેદવારો જાહેર કર્યા છે. વલસાડ જિલ્લાની વલસાડ, પારડી, ધરમપુર, નગરપાલિકા અને વલસાડ તાલુકા પંચાયતની પેટાચૂંટણીના, ગાંધીનગર જિલ્લાની માણસા અને પોરબંદરની કુતિયાણા તથા રાણાવાવ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી સહિત પેટાચૂંટણીના, તાપી જિલ્લાની સોનગઢ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને તાલુકા પંચાયતની પેટાચૂંટણી, નવસારીની બીલીમોરા નગરપાલિકા, ખેડા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના ઉમેદવારોની યાદી પણ જાહેર થઈ છે.આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાની થાનગઢ નગરપાલિકા સહિત તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ખાલી પડેલી બેઠકો, ગીરસોમનાથ જિલ્લાની કોડીનાર નગરપાલિકા સહિત તાલુકા પંચાયતની ચાર ખાલી પડેલી બેઠકોની પેટાચૂંટણીના નક્કી થયેલા નામ જાહેર કરવામાં આવ્યા છે.

ટી.પી.સ્કીમમાં...

હવે જે તે ઝોન દ્વારા સૂચિત ડ્રાફ્ટ સ્કીમ કે મંજૂર ડ્રાફ્ટ ટીપી સ્કીમ સ્તરે સૂચવાયેલ રીઝર્વેશન હેઠળના ફાઈનલ પ્લોટના આગોતરા કબજા મેળવવા પૂર્વે કે આ અનામત પ્લોટ પર કોઈ પણ આયોજન કરતા પૂર્વે ટાઉન પ્લાનિંગ વિભાગનો પરામર્શ કરી જરૂરી અભિપ્રાય મેળવવાનું ફરજીયાત બનાવાયું છે. ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા સંલગ્ન સ્કીમમાં સૂચવેલ અનામત ફાઈનલ પ્લોટ બાબતે જરૂરી અભિપ્રાય અપાયા બાદ જ ફાયનલ પ્લોટના આગોતરા કબજા કે આયોજન બાબતે ઝોન,વિભાગે નિર્ણય કરવાનો રહેશે. ટાઉન પ્લાનિગ ઓફીસર દ્વારા તૈયાર કરાયેલા ટીઆર (કામ ચલાઉ પુનઃરચના)ના અભિપ્રાય મનપા તંત્ર સમક્ષ રજૂ કરાયા બાદ જ ટાઉન પ્લાનિંગ વિભાગને પણ ટીપી સ્કીમમાં સૂચવેલ રોડ, અનામત ફાયનલ પ્લોટમાં કરવામાં આવેલા ફેરફારોની જાણ થાય છે. મનપા દ્વારા તૈયાર કરવામાં આવેલી ડ્રાફ્ટ ટીપી સ્કીમોમાં સરકાર દ્વારા મંજૂરી વખતે સામાન્ય રીતે કોઈ ફેરફાર કરાતા નથી. પરંતુ સરકાર નિયુક્ત ટાઉન પ્લાનિંગ અધિકારી દ્વારા સંબંધીત જમીન માલિકોની બેઠકો, રજૂઆતો, અન્ય કારણોસર મંજૂર ડ્રાફ્ટ ટીપી સ્કીમમાં મોટા ફેરફાર કરવામાં આવે છે અને આ ફેરફારો સાથેનો ટીઆર મંજૂરી હેતુ મનપા સમક્ષ રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી ટાઉન પ્લાનિંગ વિભાગને પણ ફેરફારની જાણ થતી નથી.

સુરતના વોર્ડ.૧૮...

કાછડ ઉમેદવારી નોધાવશે. આજે કોંગ્રેસના ઉમેદવાર સંજય રામાનંદી અને આપના ઉમેદવાર સુરજ આહીરે સમર્થકો સાથે ઉમેદવારી નોધવાત ચુંટણીનો ધમધમાટ શરૂ થઇ ગયો છે. સુરત મનપાના વોર્ડ નં ૧૮ની પેટા ચુંટણી આગામી ૧૬મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી છે. જયારે ૧૮ ફેબ્રુઆરીના રોજ ચુંટણીનું પરીણામ જાહેર કરવામાં આવશે. છેલ્લા કેટલાક દિવસોથી ઉમેદવારોના નામની અટકળો ચાલી રહી હતી. દરમિયાન આજે પ્રદેશ ભાજપ દ્વારા રબારી સમાજના આગેવાન અને ભાજપના સક્રીય કાર્યકર્તા જીતુ મેપાભાઇ કાછડના નામ પર પસદગીનો કળશ ઢોળવામાં આવ્યો હતો. મુળ અમરેલી જિલ્લાના વણોટ ગામના વતની જીતુ કાછડ હાલ બોમ્બે માર્કેટ નજીકની સીતારામ સોસાયટીમાં વસવાટ કરે છે. જીતુ કાછડ શૈક્ષણિક ક્ષેત્રે સક્રિય રહી આહીર સમાજ તથા ભાજપ સાથે લાંબા સમયથી જોડાયેલા છે. વર્ષ ૨૦૧૦માં વોર્ડ નં ૨૦ (હાલના વોર્ડનં ૧૫)ના ઉપપ્રમુખ તરીકે તેમને જવાબદારી સોંપવામાં આવી હતી. જયારે વર્ષ ૨૦૧૨માં ભાજપના સુરત શહેર બક્ષીપંચ મોરચાના મંત્રી તરીકેની કામગીરી સોંપવામાં આવી હતી. ભાજપના ઉમેદવાર જીતુ કાછડનું સામાજિક ક્ષેત્રે પણ ખુબ યોગદાન રહ્યું છે. તેઓ આહીર સમાજ સેવા સમિતિના પ્રમુખ છે. અને તેમની આગેવાની હેઠળ યોજાયેલા અનેક સમુહ લગ્નમાં નવદપંતિએ પ્રભુતામાં પગલા પાડયા છે. સુરત શહેર શાળા સંચાલક મંડળમાં તેઓ કારોબારી સભ્ય તરીકે પણ સેવા આપી રહ્યા છે. વોર્ડ નં ૧૮માં સૌથી વધુ વસ્તી આહીર સમાજની છે. જેને પગલે ભાજપે આહીર સમાજના ઉમેદવારને ચુંટણી લડાવવાનો નિર્ણય કર્યો છે. ભાજપના ઉમેદવાર જીતુ કાછડ આવતીકાલે ૧૧.૩૦ કલાકે ઉમેદવારી ફોર્મ ભરશે.

આજે કેન્દ્રીય બજેટ...

રહ્યું છે જે લોકો કાપડની સાથે જેમ એન્ડ જ્વેલરી પણ એક્સપોર્ટ કરી રહ્યા છે. જેથી આવતીકાલે રજૂ થનાર બજેટને લઈને અનેક આશા અપેક્ષા આ ઉદ્યોગની છે. કાપડ ઉદ્યોગ દ્વારા પણ મેગા ટેક્સટાઇલ પાર્કના ડેવલપમેન્ટ , ટફની ફરીથી જાહેરાત, જીએસટીમાં સરળીકરણ, 45 દિવસમાં પેમેન્ટ ધારામાં છુટછાટ સહિતની માંગો છે, ડાયમંડ ઈન્ડસ્ટ્રી દ્વારા પણ રીયલ ડાયમંડ માટે પેકેજ, જેમ એન્ડ જ્વેલરી દ્વારા પણ ઈ કોમર્સ પોલીસી અન્ય દેશો સાથે પણ ઈમ્પોર્ટ - એક્સપોર્ટ કરાર જેવી માંગણી છે. ઉપરાંત ગોલ્ડ પર ઈમ્પોર્ટ ડ્યૂટી પણ ઘટાડવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત સોલાર અને આઇટી ઈન્ડસ્ટ્રીના ગ્રોથ માટે પણ સારી પોલીસીની માંગ કરવામાં આવી છે.

ગુજરાતમાં પાલિકા અને...

ક્રિષ્નાએ પ્રેસ કોન્ફરન્સ કરીને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખો જાહેર કરી છે. જે અનુસાર, 16 ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. જ્યારે 18 ફેબ્રુઆરીના રોજ મતગણતરી યોજવામાં આવશે. ધાનેરા નગરપાલિકાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર નથી કરાયો.

ગુજરાતનો ઝડપી વિકાસ...

સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેમ જણાવી મુખ્ય સચિવએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા 'વિકસિત ગુજરાત ૨૦૪૭' વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિઝન ડોક્યુમેન્ટ બે થીમ પર આધારિત છે, અર્નીંગ વેલ અને લીવિંગ વેલ આ બંને થીમને ધ્યાને રાખીને રોડ મેપ તૈયાર કરવામાં આવશે. આ સાથે વય નિવૃત્ત થતાં ગુજરાતના મુખ્ય સચિવ રાજકુમારને રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીઓ તેમજ વિવિધ વિભાગોના વડા-અધિકારીઓએ ભાવભરી વિદાય આપીને સુખમય અને સ્વસ્થ નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગ અધિક મુખ્ય સચિવ કમલ દયાણી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, અધિક મુખ્ય સચિવ જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ જે.પી. ગુમા, અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર સહિત વિવિધ સનદી અધિકારીઓએ રાજકુમાર સાથે તેમને કરેલા કાર્યોના સ્મરણ યાદ કરીને તેમની વહિવટી કુશળતાને બિરદાવી હતી.

વરાછાના મારૂતિ સોનોગ્રાફીની...

મારુતિધામ સોસાયટી સરથાણા જકાતનાકા મૂળ રહે વાવડી ગામ તા.તળાજા ભાવનગરએ પણ કાપોદ્રા પોલીસ મથકમાં વળતી ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે તે ડો.પ્રકાશ વાછાણીના મારુતિ સોનોગ્રાફી સેન્ટરમાં એક પેશન્ટને તપાસવા આવ્યા હતા અને બાદમાં તે ડો.પ્રકાશની ઓફીસમાં બેઠો હતો તે સમયે અમુક લોકો અંદર આવ્યા હતા અને તે છેડતી કરી છે તેમ કહીને માર માર્યો હતો.ડો.પ્રતિકના કહેવા મુજબ તેણે છેડતી કરી નથી અને યુવતીના પરિવારના સભ્યો જેમા મહિલાઓ હતી તેણે રૂ .૨૦ લાખ માંગ્યા હતા અને વીસ લાખ આપો તો પતાવટ કરી દેશું તેમ કહ્યું હતું.સભ્યો એ પણ ડોક્ટરને માર મારતા પહેલા રૂ.૨૦ લાખ આપશે તો પોલીસ કેસ નહિ કરીશું માર મારતો જે વિડીયો છે જેમાં એક જાડો અને ચશ્માં પેહેરેલો વ્યક્તિ દેખાય છે તેણે માર મારતી વખતે ડોક્ટર પ્રતિકને એમ કહ્યું હતું કે મારું નામ મોહિત છે અને હું કતારગામનો ડોન છું.અને રૂપિયા નહિ આપશે તો તારા પર પોલીસ કેસ કરશું.બદનામ કરીને તારી હોસ્પિટલ બંધ કરાવી દેશું. તેવો ઉલ્લેખ ડોક્ટર પ્રતિક મારાણીએ પોલીસ ફરિયાદમાં કર્યો છે.

ધરમપુર કોલેજમાં

હતી. મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલા નિયમો મુજબ 210 માર્કસની ઓ.એમ.આર બેઝડ પરીક્ષામાં એક ગુણ સાથેનાં કુલ 210 પ્રશ્નો પુછવામાં આવ્યા હતા, અને જવાબ ખોટો હોય તો 0.25 નેગેટિવ માર્કસનું માળખુ રાખવામાં આવ્યું હતુ. જે પૈકી જયદીપસિંહ રાજેન્દ્રસિંહ પરમાર નામના એક ઉમેદવારનાં 210 પૈકી 210 માર્કસ આવતા સમગ્ર રાજયમાં આ મુદ્દે ગેરરીતીનાં આક્ષેપ ઉઠ્યા છે. જેમાં પણ ખાસ કરીને 210 પ્રશ્નો પૈકી કેટલાક પ્રશ્નનાં વિકલ્પ જ ખોટા હોવા છતા તેમણે જે ઉત્તર આપ્યો હતો, તેને જ સાચો ગણી લેવામાં આવતા સમગ્ર ભરતીમાં ક્યાંક મોટી ગેરરીતી થઇ હોવાનાં આક્ષેપ ઉઠ્યા છે. આ અંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર આર.સી.ગઢવીએ જણાવ્યું હતુ કે સમગ્ર ભરતી પ્રક્રિયા રાજય સરકારની મંજુરી સાથે કોલેજકક્ષાએ કરવામા આવી હતી. જેમાં યુનિવર્સિટી સાથે કોઇ લેવાદેવા નથી. તેમ છતા કોલેજમાં થયેલી ભરતીની બાબત અંગે તપાસ કરવામાં આવશે.

સુરત વરાછાના...

કાલે રાત્રે ઘરે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે. બીજા બનાવમાં ભેસ્તાન ગણેશ નગરમાં રહેતા 28 વર્ષીય નરેન્દ્ર મહાવીર નિષાદે ગઈકાલે સાંજે ઘરમાં ફાંસો ખાઈ લીધો હતો. તેમને આ પગલું નશામાં અને આર્થિક સંકડામણમાં ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. મૃતક પત્ની અને પુત્રી સાથે રહેતો હતો.

'દાદા' ગુજરાતનું શું...

ધરપકડ કરી છે. જેમાં 4 મહિલા, 4 પુરુષ અને 4 બાળકિશોર સામેલ છે. મહિલાઓને જેલહવાલે કરાઈ છે, જ્યારે પુરુષોને સાથે રાખી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ઘટના 28મી જાન્યુઆરીની છે, જ્યારે પીડિત મહિલા એક વ્યક્તિના ઘરે હાજર હતી. આ સમયે 15 લોકોના ટોળાએ મહિલાને ઘરમાંથી બહાર ખેંચી કાઢી હતી. આરોપીઓએ મહિલાને માર માર્યો હતો અને બાદમાં નિર્વસ્ત્ર કરીને બાઇકના કેરિયર સાથે સાંકળથી બાંધી ગામમાં ફેરવી હતી.આટેલેથી નહીં અટકતા આરોપીઓએ આ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયા પર વાઇરલ કરી દીધો હતો. મહિલા પર અમાનવીય અત્યાચારના વાઇરલ થયેલા વીડિયોમાં જોવા મળે છે કે ટોળું આક્રમક રીતે મહિલાને ઘેરીને તેનાં કપડાં કાઢી નાખે છે. મહિલા આજીજી કરતી હોવા છતાં ટોળું નિર્દયતાથી સાંકળ વડે મહિલાને બાઇક પાછળ બાંધે છે અને નિર્વસ્ત્ર મહિલાને દોડાવી દોડાવીને ધોકા વડે માર મારે છે. બાઇક પાછળ બાંધેલી મહિલા હાંફી જાય છે અને આજીજી કરતી હોવા છતાં રોડ પર ઢસડે છે અને અપશબ્દો બોલી ગામમાં ફેરવવાની વાત કરે છે. વીડિયો વાઇરલ થતાં પોલીસને જાણ થતાં પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી.

પીડિત મહિલાએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતાં પોલીસે 15 પૈકી 12 આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી શરૂ કરી છે, જ્યારે અન્ય ત્રણની શોધખોળ ચાલુ છે. આ ઘટનાએ સમગ્ર જિલ્લામાં ચકચાર મચાવી દીધી છે. આ અંગે દાહોદ જિલ્લા પોલીસ વડા ડો. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, મીડિયાના માધ્યમથી ઘટનાની જાણ થતાં ડિ.વાય.એસ.પી. સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જ્યાં મહિલાને આરોપીઓએ તેના સસરાના ઘરે ગોંધી રાખી હતી જેને બચાવી લેવામાં આવી હતી. 12 જેટલા આરોપીઓની ત્યારે જ ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ચાર પુરુષ, ચાર મહિલા અને ચાર બાળ કિશોર આરોપી છે. જેમની સામે અપહરણ, ગેરકાયદેસર ગોંધી રાખવાનો, મહિલાને માર મારવાનો, તેમની ગરીમાને નુકસાન જાય એ પ્રકારનું કૃત્ય આચરવાનો અને ઈન્ફોરમેશન ટેક્નોલોજી એક્ટની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હજી ત્રણ આરોપીઓ ફરાર છે, જેમાં એક પુરુષ, એક મહિલા અને એક બાળ કિશોર છે. જેમની શોધખોળ ચાલુ છે.

સુરત લિંબાયતમાં...

છે. પોલીસના જણાવ્યા અનુસાર રામેશ્વરભાઈનું ફૂડ પોઈજનિંગના કારણે મોત થયું હોવાની શક્યતા છે. મોત પાછળનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રીપોર્ટ બાદ ખબર પડશે.

સુરત જિલ્લા ખરીદ...

વાલોડમાં સંદિપ પટેલ, નિઝરમાં ખુશાલ મરાઠેને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. જયારે વ્યકિતગત વિભાગમાં જોવા જઈએ તો સીટી તાલુકા અને ચોર્યાસી તાલુકામાં ભરત પટેલ, રમણ પટેલ, અને પરેશ પટેલ, તેમજ ઓલપાડમાં મહેન્દ્ર પટેલ, બારડોલીમાં જયંતિ પટેલ તેમજ મહુવામાં અનુપમ નાયક સહિત કુલ 19 બેઠકો ઉપર તમામ ઉમેદવારો બિનહરીફ રહ્યા છે.

ચારે તરફથી ફિટકાર...

લોકોના વરઘોડા કાઢી વાહવાહી લૂંટે છે, પરંતુ વાહવાહી લૂંટવાના બદલે તટસ્થ કાર્યવાહી થાય તેવી માગ કરી છે. વિકાસની બાંગો ફુકનાર ભાજપની આ નિષ્ફળતા છે. આવી વહાવાઈ લૂંટવાના બદલે તટસ્થ કાયદાકીય વ્યવસ્થા કરવામાં આવે જેથી અસામાજિક ઈસમોમાં એક ડર ઉભો થાય. આપ નેતા ઈસુદાન ગઢવીએ તેમની પ્રતિક્રિયામાં કહ્યું કે મહિલા સન્માનની વાતો કરતા મુખ્યમંત્રી અને ગૃહમંત્રી શું કરી રહ્યા છે? હત્યા અને બળાત્કાર જેવી ઘટનાઓ તો હવે ગુજરાતમાં સામાન્ય થઈ ગઈ છે. આ ઘટના પર મુખ્યમંત્રી અને ગૃહમંત્રી પોતાની જવાબદારી સ્વીકારે અને કડક કાર્યવાહી કરે અથવા રાજીનામું આપે તેવી માંગ કરી હતી. રાજ્ય સરકારના મંત્રી ઋષિકેશ પટેલે દાહોદની ઘટનાને વખોડતાં સમાજ માટે શરમજનક ગણાવી હતી ત્યારે ગૃહ વિભાગે સુઓમોટો કરીને ફરિયાદ દાખલ કરી છે. મહિલાના અપમાનને લઈને થતી આ ઘટનામાં સખત કાર્યવાહી કરાશે. કાનૂન સર્વોપરી છે મહિલા પર અત્યાચાર કરનાર કોઈપણ શખ્સને માફી મળશે નહીં. મહિલા પર અત્યાચાર મુદ્દે ભાજપના મહિલા નેતા શ્રદ્ધા રાજપૂતે પણ ઘટનાની નિંદા કરતાં બનાવ વખતે કોઈ મહિલા બચાવમાં કેમ સામે ના આવી તે અંગે એ પણ ચિંતા વ્યક્ત કરી હતી.

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ૮૦૨, નટરાજ સ્ટ્રસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૬૯
વડોદરા બ્રાંચઃ ઓફિસ નં.૪૦૪, યોથા માળે, એટલાન્ટીસ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપની સામે,સારાભાઈ રોડ, વડોદરા ૩૯૦૦૦૧ ગુજરાત
નવસારી બ્રાંચઃ ૨૦૬,બીજા માળે, બિઝનેસ હબ, શિવાજી ચોક નજીક, વિજલપોર રેલવે ફાટક નજીક, એરૂ રોડ, નવસારી ૩૯૬૪૫૦ ગુજરાત
સુરત પરવત પાટીયા બ્રાંચઃ દુકાન નં.૩૧૨ અને ૩૧૩, ટાઈમ્સ ગેલેરીયા, સારોલી ગામના ગેટ નજીક, કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટની સામે,કડોદરા-સુરત રોડ, સુરત -૩૯૫૦૧૦ જીજે

ઈ-ઓકશન સેલ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ ની સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓકશન સેલ નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર **આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ** ના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલા દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે કબજે લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતોનું વેચાણ **'જયાં છે ત્યાં છે ધોરણે', જેમ છે જે છે ના ધોરણે' અને 'જે છે ત્યાં છે ના ધોરણે'** જાણીતા અને અજાણ્યા બોજા સાથે કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છે :

અ.નં.	દેવાદાર(રો)/સહદેવાદાર(રો)/જામીનદાર(રો)	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂ.માં)	(ઈએમડી) (અનામત કિંમતના ૧૦ ટકા)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં.૦૩૮૧૦૦૦૦૧૫૯/વડોદરા બ્રાંચ) ભરતકુમાર રમણભાઈ પરમાર (દેવાદાર), આશાબેન લાલજીભાઈ વસાવા અને રમણભાઈ બાબરભાઈ પરમાર (સહદેવાદાર)	09-10-2024 & ₹ 23,11,563/-	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત ગ્રાઉન્ડ ફલોર અને પહેલા માળે ઘર નં.૮૫, ગંગા નગર સોસાયટી, માંડવી રાજપીપલા રોડ, નેત્રંગ, જિ.ભરૂચ, પ્લોટ નં.૫૫, ભરૂચ ગુજરાત ૩૯૩૧૩૦ **ચતુઃસીમાઃ** પૂર્વે : પ્લોટ નં.૭૪, પશ્ચિમેઃ સોસાયટીનો રોડ, ઉત્તરેઃ પ્લોટ નં.૮૪, દક્ષિણેઃ પ્લોટ નં.૮૬	Rs. 16,00,000/-	Rs. 1,60,000/-	વાસ્તવિક
2	(લોન કોડ નં.૩૯૪૧૦૦૦૦૩૩ /નવસારી બ્રાંચ) સંગિતાબાશિષ ઠક્કર (દેવાદાર) વિનિતબાશિષ ઠક્કર અને આશિષ સુભાષભાઈ ઠક્કર (સહદેવાદારો)	09-11-2024 & ₹ 18,50,611/-	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકતનં.૮૦૩, આઠમા માળે, આશિ એલેક્ષા, ગ્રીડ રોડ, પ્લોટ નં.૨૦૬ અને ૨૦૭, ટીકા નં.૧૨૩,નવસારી, ગુજરાત -૩૯૬૪૪૫ **ચતુઃસીમાઃ** પૂર્વે : ફલેટ નં. ૮૦૪, પશ્ચિમેઃ ફલેટ નં. ૮૦૨, ઉત્તરેઃ ઓટીએસ, દક્ષિણેઃ પેસેજ	Rs. 20,02,600/-	Rs. 2,00,260/-	વાસ્તવિક
3	(લોન કોડ નં.૦૪૨૧૦૦૦૦૪૭૪/ સુરત પરવત પાટીયા બ્રાંચ) અરવિંદભાઈ ભૈયાજીભાઈ હરીજન (દેવાદાર) પિન્કી અરવિંદભાઈ હરીજન (સહદેવાદાર)	09-10-2024 & ₹ 9,35,206/-	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત ગ્રાઉન્ડ ફલોર મહેક રેસીડેન્સી-૨, સિવાણ ગામ રોડ, પ્લોટ નં.૫૬૬, સિવાણ, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦ **ચતુઃસીમાઃ** પૂર્વે : પ્લોટ નં.૫૯૫, પશ્ચિમેઃ પ્લોટ નં.૫૯૭, ઉત્તરેઃ સોસાયટીનો રોડ, દક્ષિણેઃ પ્લોટ નં.૬૨૫	Rs. 7,53,200/-	Rs. 75,320/-	વાસ્તવિક

૧. બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખઃનિશ્ચિત ટેન્ડર ફોમ્સ સાથે ઈએમડી અને કેવાયસી સાથે **તા.૦૩-૦૩-૨૦૨૫ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા** સુધીમાં ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાશે : https://bankeauctions.com અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે.
૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીનીતારીખ): **૦૪-૦૩-૨૦૨૫ના રોજ https://bankeauctions.com ઉપર બપોરે 3.00 થી ૪.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે.
૩. ઉપર જણાવેલી મિલકત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે એએચએફએલ જવાબદાર રહેશે નહીં. મિલકતનું વેચાણ **'જયાં છે ત્યાં છે ધોરણે', જેમ છે જે છે ના ધોરણે' અને 'જે છે ત્યાં છે ના ધોરણે'** કરવામાં આવશે.
૪. ડીમાન્ડ ડ્રાફ્ટ આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડની તરફેણમાં બનાવવાનો રહેશે.
૫. ઓકશન/બીડીંગ માત્ર 'ઓન લાઈન ઈલેકટ્રોનિક બીડીંગ' દ્વારા જ https://bankeauctions.com ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.
૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર **મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ.**ના પોર્ટલ ઉપર મળનારી **લીંક https://bankeauctions.com/registration/sinup** ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી,પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા.સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડરમે.સી વન ઈન્ડિયા પ્રા.લિ. ની વેબસાઈટ **https://bankeauctions.com** ઉપરથી મેળવી શકશે.
૭. વધુ જાણકારી માટે આદાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડના અધિકૃત અધિકારીશ્રી અમિતકુમાર સોની (સંપર્ક નં.+૯૧૩૩૩૩૨૧૪) અથવા સર્વિસ પ્રોવાઈડરમે. સી વન ઈન્ડિયા પ્રા.લિ., શ્રી પ્રભાકરન,મો.નં.+૯૧-૭૪૧૮૨-૮૧૭૦૯, ઈમેલ : tn@c1india.com&support@bankeauctions.com ફોન નં.+૯૧૭૨૯૮૮૧૨૪/૨૫/૨૬ નો સંપર્ક કરવો. હજુ સુધી એએચએફએલના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.
૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે સલામત ધિરાણકાર આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ (એએચએફએલ)ની વેબસાઈટ પરની લીંક ની મુલાકાત લો. www.aadharhousing.com
૯. ઓકશનમાં બોલી વધારાની રકમ **રૂ.૧૦,૦૦૦/-** રહેશે.

સ્થળઃ ગુજરાત — **સહી/અધિકૃતઅધિકારી**
તા.૦૧.૦૨.૨૦૨૫ — **આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

ટાટા કેપીટલ લિમિટેડ

TATA

રજિ. ઓફિસ : ૧૧મા માળે, ટાવર-એ, પેનીન્સુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ભારત. CIN No. U65990MH1991PLC060670

ડીમાન્ડ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (એકટ) ના ખંડ ૧૩(૨) સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ૩ અંતર્ગત.

આથી નીચે સહી કરનાર ટાટા કેપીટલ લિમીટેડ (ટીસીએલ)એ ધ નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ (એનસીએલટી) મુંબઈના તા.૨૪મી નવેમ્બર ૨૦૨૩ના આદેશ મુજબ ટાટા કેપીટલ ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમીટેડ (ટીસીએફએસએલ) અને ટાટા ક્લીનટેક કેપીટલ લિમીટેડ (ટીસીસીએલ) વચ્ચે થયેલા સ્કીમ ઓફ એગ્રીમેન્ટને કંપનીઝ એકટ, ૨૦૧૩ ની (કથિત સ્કીમ) ને એકટના ખંડ ૨૩૦ થી ૨૩૨ની સાથે વંચાણે લેતા ખંડ ૬૬ની જોગવાઈ હેઠળ માન્યતા મળી હોવાથી તેના અધિકૃત અધિકારીએ એકટના ખંડ ૧૩(૨) સાથે વંચાણે લેતા રૂલ ૩ હેઠળ પ્રાપ્ત અધિકારોનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદારો/સહદેવાદારોને પાસેથી બાકી લેણાંની વસુલાત માટે લાયક છે.

આથી જાહેરજનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર/રો અને /સહ દેવાદાર/રો, જામીનદાર/રો, ગીરોદાર/રોને ડીમાન્ડ નોટીસ પાઠવી નીચે જણાવેલી બાકી લેણી રકમ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવ્યું હતું.આ નોટીસ તેમને રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી મોકલી હતી.જેની નકલ નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે જેથી દેવાદારો એ નકલ કામકાજના દિવસો દરમિયાન કામકાજના સમય દરમિયાન મેળવી શકશે.

જે સંદર્ભે કરી એકવાર આ નોટીસ દ્વારા દેવાદારોને ટીસીએલને બાકી લેણી રકમ આ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. નીચે જણાવેલ કોષ્ટકની કોલમ ડી માં જણાવેલ તારીખથી અથવા કરાર કે કોઈ દસ્તાવેજ અથવા કથિત જવાબદાર તરફથી કોઈ લખાણ રજુ કરવામાં આવ્યા હોય તો તે મુજબની તારીખે ચુકવણી કરી દેવા જણાવવામાં આવ્યું છે.

લોનની સલામતી સામે નીચે જણાવેલા જવાબદારોએ ટીસીએલ પાસે મિલકત ગીરવે મુકી હતી.

| લોન ખાતા નં. (એ) | દેવાદાર(રો)/ કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધિ(ઓ) (બી) | કુલ બાકી રકમ નીચે જણાવેલ તારીખે (સી) | ડીમાન્ડ નોટીસની તારીખ અને એમપીસો તારીખ (ડ